# સરદાર પટેલ

## :- દેશી રાજ્યનાં વિલીનીકરણમાં ભૂમિકા :-

15 ઓગસ્ટ 1947 નાં દેશ આઝાદ થયો પરંતુ તેની સામે અનેક સમસ્યા હતિ તેમાની એક સમસ્યા દેશી રજવાડાઓ ની હતિ

આ વિલીનીકરણની પ્રક્રિયા સરદારને સોંપવામાં આવિ. તેમની સાથે તેમના સાથી વિ.પી. મેનન ને લીધા. તેમણે દેશી-રાજ્યો ઓને વાસ્તવિકતા સમજાવ્યા

સરદારે એક જાહેરનામુ બહાર પાડ્યુ જેમા જણાવ્યુ કે આપણે ભારતના ઇતિહાસ ના નાજુક તબક્કે આવિ ગયા. છિએ ખભે ખભો મિલાવિને દેશને ઉન્નતીનાં શિખરે પોહચાડિએ

માત્ર 3 વર્ષના ટુંકા ગાળામાં 562 માંથી 559 રાજ્ય ભારતમાં વિલિનીકરણ થઈ ગયા...

નામ: પરમાર વિપુલ મગનભાઈ
રોલનંબર: 409
ઇતિહાસ-વિભાગ
બેચ-2023-24
માર્ગદર્શક: ડૉ. જે. ઠાકોર

Scanned with OKEN Scanner

## ડૉ. ભીમરાવ આંબેડકર




### ડૉ આંબેડકરનો જીવન પરિચય

ભીમરાવ આંબેડકરનો જન્મ 14 એપ્રિલ 1891 ના રોજ મહૂની લશ્કરી છાવણી મધ્યપ્રદેશમાં થયો હતો તેમના પિતાજી રામજી માલોજી લશ્કરમાં સૂબેદાર ના પદ પર કાર્યરત હતા. રામજી અને ભીમાબાઈનું ભીમરાવ 14મું સંતાન હતા. ભીમરાવના પિતાજી રત્નાગિરિ જિલ્લાના દાપોલીના આંબાવડે ગામના રહેવાસી હતા. તેમની પારિવારીક અટક સકપાલ હતી અને કબીરધર્મના તેઓ અનુયાયી હતા.

ઈ.સ 1894માં રામજી સકપાલ સેવાનિવૃત્તિ થતાં પોતાના વતન પાછા ફર્યા અને 7 નવેમ્બર 1900માં સતારાની સરકારી સ્કૂલમાં આંબેડકરનો પ્રવેશ થયો હતો. એ સમયે અસ્પૃશ્યતાની જંજીરો એટલી સખત હતી બાળક ભીમના સ્કૂલની બહાર જ બેસીને શિક્ષા લેવી પડતી હતી. સ્કૂલમાં બીજા કોઈ પાણી પીવડાવે તો પી શકતા ન હતા. આ રીતે અપમાન સહન કરતા તેમણે મેટ્રીકની પરીક્ષા એપ્રિલ 1907માં પાસ કરી હતી વલંગકરની પુત્રી રમાબાઈ સાથે વિવાહ થયા.

માતૃભાષા મરાઠી, ગુજરાતી અંગ્રેજી, હિંદી, ફ્રેંચ જર્મની પર્શિયન અને સંસ્કૃત.

શિક્ષણ: 7 નવેમ્બર 1900 - સતારાની સરકારી સ્કૂલમાં પ્રવેશ ઉચ્ચ શિક્ષણ: બી.એ (મુંબઈ). એમ. એ. પીએચ. ડી (અમેરિકા), એમ. એસસી.. ડી એસસી. (લંડન). બાર-એટ-લૉ (લંડન). એલએલ.ડી (અમેરિકા). ડી.લિટ્. (હૈદરાબાદ).

સત્યાગ્રહોનું નેતૃત્વ: (i) મહાડ સત્યાગ્રહ - 1927 (ii) નાસિક સત્યાગ્રહ 1930 (iii) કલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ

: 6 ડિસેમ્બર 1956 ના રોજ અવસાન. દિલ્હી મુકામે.

Sem: 5 B.A. T.Y
Name: Patel Hetalben Hi...
Roll No: 391
Sub: Bharatna Netao 503

# વીર સાવરકર

જન્મ:- 28 મે 1883

જન્મસ્થળ:- મહારાષ્ટ્રમાં

માતા:- રાધાબાઈ

પિતા:- દામોદર પંત

પ્રારંભિક શિક્ષણ:- પુનામાં

કાયદાનું શિક્ષણ:- લંડનમાં




→ વિર સાવરકરને જુલાઈ-૧૯૧૧ના રોજ આદામાનની પોર્ટબ્લેરની જેલમાં "કાળાપાણીની સજા ભોગવવા મોકલી દેવામાં આવ્યા।

→ વિર સાવરકર જ્યારે જેલમાં ચોદરથા તો ત્યાં પહેલાથી ક્રાંતિકાર ત્યાં સજા ભોગવી રહ્યા હતા. તેમની સાથે કઠોર વ્યવહાર કરવામાં આવતો.

☆ વિર સાવરકરે "અમો હાત્માઓ" ના શીર્ષક હેઠળ લખ્યું છે.

સ્વતંત્રતા સંગ્રામ આરણ કો અંક બોલ?
પિતાઓ પુત્રકો પકડે બાર - બાર
ચલે હો પરાજય થકા - કદા
પર મિલે. વિજય ૧૨ - બાર

— વિર સાવરકર

ડામોર મયુર કુમાર . વિ
ઇતિહાસ - વિભાગ
Roll NO: 330
SEM: 5
વર્ષ - 2023

Scanned with OKEN Scanner

# વનરાજ ચાવડા




→ વનરાજ ચાવડા ગુજરાતના ચાવડા વંશના સૌથી વધુ પ્રખ્યાત રાજા હતો.

→ વનરાજ ચાવડાએ ઈ.સ. પૂર્વે 756 થી 780 દરમિયાન રાજ કર્યું.

→ પ્રારંભિક જીવન :

→ કૃષ્ણભટ્ટના રત્નમાળા (ઈ.સ. 1230) મુજબ ઈ.સ. 699 (સંવત 752)માં પંચાસરના (હાલમાં પાટણ જિલ્લો, ગુજરાત) ચાવડા વંશના રાજા જયશિખરી પર કાન્યકુબ્જ (કદાચ કનોજ)માં કલ્યાણકટકના રાજા ભુવડ વડે આક્રમણ કરાયું અને જયશિખરી માર્યો ગયો.

→ ચાવડા વંશ : ઈ.સ. 756 . ઈ.સ. 780

→ રાજધાની : પંચાસર અણહિલવાડ પાટણ

→ ભાષાઓ : જૂની ગુજરાતી ભાષા, પ્રાકૃત

→ ધર્મ : હિંદુ, જૈન

→ પત્ની : રાજબાઈ

→ પિતા : જયશિખરી

→ માતા : રૂપસુંદરી

→ વનરાજ ચાવડાની કારકિર્દી :

→ ઈ.સ.ની આઠમી સદીમાં વનરાજ ચાવડાએ પાટણમાં ચાવડાવંશની સ્થાપના કરી. પાટણની સ્થાપના એ ગુજરાતના ઇતિહાસમાં સૌથી મોટું પ્રદાન છે. પાટણમાં વનરાજ ચાવડાએ (60) વર્ષ શાસન કર્યું અને લગભગ (110) વર્ષે અવસાન પામ્યો.

→ વનરાજે પાટણમાં કંઠેશ્વરી માતાનું અને પાર્શ્વનાથનાં મંદિરો બંધાવ્યા હતા.

→ વનરાજ ચાવડાએ પાટણ શહેર ઈ.સ. 802માં વસાવ્યું હતું.

→ વનરાજને રાજ્યકર્તાનો બોધ શીલગુણસૂરિએ આપ્યો હતો.

→ વનરાજે શ્રીદેવીને ધર્મની બહેન ગણેલી તેથી તેના હાથે રાજતિલક કરાવ્યું હતું.

→ વનરાજે ભૂતકાળમાં મદદ કરનાર ચાંપા વાણિયાને પોતાનો મહામાત્ય બનાવ્યો હતો.

→ વનરાજનો રાજ્યાભિષેક : સંવત 802ના વૈશાખ સુદ બીજને સોમવારે થયો હતો.

→ અણહિલપુર પાટણની સ્થાપના સેનાપતિ અણહિલ ભરવાડના નામથી સ્થાપના કરવામાં આવી.

→ વનરાજ ચાવડાના મહામાત્ય ચાંપા વાણિયાના નામ પરથી પાવાગઢની તળેટીમાં ચાંપાનેર નામના નગરની સ્થાપના કરી.

→ વનરાજ ચાવડાનું અવસાન : લગભગ (110) વર્ષે અવસાન પામ્યો.

NAME : DINDOR NILESHVARI . G
SUB : HISTORY (ગુજરાતના ઇતિહાસ)
Roll : 347 , SEM : 5 (FIVE)
CLG : AADIWASHI ARTS & COMERS CLG SANTRAMPUR

Scanned with OKEN Scanner

# ડૉ. બી. આર. આંબેડકર



→ જન્મ ÷ 14 એપ્રિલ 1891

→ મૂળ નામ ÷ ભીમરાવ આંબેડકર

→ મૂળ અટક ÷ સકપાલ

→ જન્મ સ્થાન ÷ મહૂની લશ્કરી છાવણી મધ્યપ્રદેશ

→ પરિવાર ÷ પિતા - રામજી સકપાલ, માતા - ભીમાબાઈ, ભીમરાવ 14મું સંતાન

→ શિક્ષણ ÷ 7 નવેમ્બર 1900 - સતારાની સરકારી સ્કૂલમાં પ્રવેશ, ઉચ્ચ શિક્ષણ : બી. એ. (મુંબઈ). એમ. એ. પીએચ. ડી. (અમેરિકા). એમ. એસસી. ડી. એસસી. (લંડન) બાર એટ - લૉ (લંડન) એલએલ. ડી. (અમેરિકા), ડી. લિટ્. (હૈદરાબાદ)

→ ભાષાઓના જાણકાર ÷ માતૃભાષા મરાઠી, ગુજરાતી, અંગ્રેજી, હિંદી, ફ્રેંચ, જર્મન

→ સાર્વજનિક સ્થાપના ÷ સંવિધાનસભા, રાજ્યસભા, લોકસભા, ગોળમેજી પરિષદ

→ સભ્ય ÷ વિધાનસભા (મુંબઈ)

→ વકીલાતની શરૂઆત ÷ જુલાઈ 1923, મુંબઈ હાઈકોર્ટ

→ પ્રાધ્યાપક ÷ (i) નવેમ્બર 1918માં મુંબઈની સરકારી સિડનહામ આર્ટ્સ કૉલેજ
(ii) 12 જૂન 1928માં સરકારી લૉ કૉલેજ મુંબઈ

→ પ્રિન્સીપાલ ÷ સરકારી લૉ કૉલેજ મુંબઈ

→ સંસ્થાઓની સ્થાપના ÷ (i) 15 ઑગસ્ટ 1936, સ્વતંત્ર મજદૂર પક્ષની સ્થાપના
(ii) 20 જુલાઈ 1924 બહિષ્કૃત હિતકારિણી સભાની સ્થાપના

→ સત્યાગ્રહોનું નેતૃત્વ ÷ (i) મહાડ સત્યાગ્રહ - 1927
(ii) નાસિક સત્યાગ્રહ - 1930
(iii) કાલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ

→ રાજકીય હોદ્દાઓ પર બિરાજમાન ÷ (i) ઈ.સ. 1919
(ii) 18 ફેબ્રુઆરી 1926ના રોજ મેમ્બર ઓફ લેજીસ્લેટિવ કાઉન્સિલના સભ્ય
(iii) 1942માં 1946 વાઈસરોયની કેન્દ્રીય કાઉન્સિલમાં શ્રમમંત્રી
(iv) 15 ઑગસ્ટ 1947 આઝાદ ભારતના પ્રથમ કાયદામંત્રી
(v) 29 ઑગસ્ટ 1947 બંધારણ સમિતિના અધ્યક્ષ

→ મૃત્યુ ÷ 6 ડિસેમ્બર 1956ના રોજ અવસાન, દિલ્હી

NAME ÷ DINDOR NILESHVARI. G
SUB ÷ HISTORY (ભારતના નેતાઓ)
Roll.No ÷ 347
SEM ÷ 5 (FIVE)
CLG ÷ AADIWASHI ARTS & COMERS CLG SANTRAMPUR

Scanned with OKEN Scanner



# સરદાર વલ્લભભાઈ પટેલ


સરદાર વલ્લભભાઈ પટેલ દેશના મહાન નેતા ગણાય છે. સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર 1875ના રોજ એક ખેડૂત પરિવારમાં થયો હતો. તેમણે કાયદાના પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું અને બાદમાં લંડનથી કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યો કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી સરદાર વલ્લભભાઈ પટેલ અમદાવાદ આવ્યા અને પોતાના પર કાયદાનો અમલ કરવાનું શરૂ કર્યું.

ગ્રુપ: ગણાવા જેકશાનભાઈ, ભુરિયા અંજલીબેન, પારગી નેહલબેન

Scanned with OKEN Scanner

Roll No: 368

# ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી



હરિપ્રસાદ શાસ્ત્રી

ડૉ. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રીનો જન્મ 17 ઑક્ટોબર 1919ના રોજ ખેડા જિલ્લાના મલાતજ ગામે સાઠોદરા નાગર જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાશ્રી ગંગાશંકર વૈદક તથા જ્યોતિષમાં પારંગત હતા. તેમના પિતામહ વ્રજલાલ સંસ્કૃત-પ્રાકૃતિકના વિદ્વાન તથા ગુજરાતી ભાષાના પંડિત હતા. હરિપ્રસાદભાઈને સંસ્કૃતના અભ્યાસ પ્રત્યેની રુચિ તથા સંશોધનની વૃત્તિ વારસામાં મળ્યાં હતાં. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અનુક્રમે મલાતજ અને જૂનાગઢમાં તથા ઉચ્ચ શિક્ષણ જૂનાગઢ તથા અમદાવાદમાં લીધું હતું. તેમણે નવલિકાઓ, કાવ્યો અને નાટકો પણ લખ્યા છે. ડૉ. શાસ્ત્રીનો 'મૈત્રકકાલીન ગુજરાતી ભાગ-1 અને 2 ગ્રંથ 1955માં પ્રસિદ્ધ થયો. તેમના પીએચ.ડીના મહાનિબંધનો આ સંવર્ધિત ગ્રંથ છે. ભાગ-1 માં મૈત્રકકાલીન અભિલેખો (તામ્રપત્રો). સાહિત્યિક સાધનો, ચીની પ્રવાસીઓ યુ. અન-શ્વાંગ અને ઇત્સિંગની નોંધો વગેરે સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.


→ 1958માં 'નર્મદ સુવર્ણચંદ્રક' તથા અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ સંશોધન ક્ષેત્રે કરેલ ઉત્તમ કામગીરી બદલ 1960નો રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત એનાયત કર્યો.

B.A. SEM: 6

Roll No: 391 NAME: Palas ~~Hetal~~ Hetalben Hirabhai

Scanned with OKEN Scanner

# અબ્રાહમ લિંકન



પ્રારંભિક જીવન: અબ્રાહમ લિંકનનો જન્મ 12 ફેબ્રુઆરી 1809 ના રોજ અમેરિકાના ઈલિનોઈ રાજ્યના કેન્ટકી પરગણાના હોજ્નેવીલ્લે નામના એક સરહદ પરના ગામડામાં થયો હતો. તેમના પિતાનુ નામ થોમસ અને માતાનું નામ નાન્સી હતું. તેમને વાંચવાનો ખુબ શોખ હતો.

શિક્ષણ: ઈન્ડિયાની પ્રાથમિક શાળામાં લિંકનને વાંચન, લેખન અને ગણિતનું પાયાનું જ્ઞાન મળ્યું હતું. તેમને અનેક મુશ્કેલીઓ વારવાર સ્થળાંતર અને કુટુંબની આર્થિક સ્થિતિને લીધે શાળામાં અભ્યાસ થઈ શક્યો ન હતો. પરંતુ તેમણે વાંચવાની ટેવ છોડી ન હતી.

⟹ અબ્રાહિમ લિંકન 16 માં રાષ્ટ્રપ્રમુખ તરીકે ભણીતા છે. તેમને ગુલામીના મુક્તી દાતા તરીકે ભણીતા છે. અબ્રાહમ લિંકન 1861નાં રાષ્ટ્રપ્રમુખ તરીકે ચુટાયા લિંકન અને ગુલામોની મરિચાત 1 જન્યુઆરી 1863 ના રોજ કરવામાં આવી.

⟹ તેની પત્નીનુ નામ મેરીટોડ 14 એપ્રિલ 1865 ના રોજ વોશિંગ્ટન ફોર્ડ નામના નાટ્યગૃહમાં નાટક જોઈ રહ્યા હતા. જ્યારે જોઈ રહ્યા હતા ત્યારે જહોન વિલ્કિસ બુથ નામના એક હબસીએ તેમના પર ગોળી છોડતા તેમના મૃત્યુ થયું. આંતરવિગ્રહની સોંપી વધારે કાયદો ઉત્તરના રાજ્યોને થયો હતો.

B.A SEM: 6 Roll No: 391 Nem: Palas Hetalben Hiteabhai

Roll no: 315 : chandana Payalben Amarsinghbhai

Garod Sejalben Lallubhai Sem:6 Roll No:356
Garod Nitaben Laxmanbhai Sem:6 Roll No: 353
Katara Kinjalben Babubhai Roll No:
Damor Rushmikaben Sukhabhai Roll No-33

2024

# ભીમદેવ બીજાની સિદ્ધિઓ આલેખો



ભીમ દેવ બીજો

મૂળરાજ બીજો અપુત્ર મૃત્યુ પામતાં પાટણની ગાદી ભીમદેવ બીજાને મળી હતી. તેના સમયમાં ગુજરાતને હોયસળ, યાદવો પૃથ્વીરાજ, શાહબુદ્દીન ઘોરી, માળવા વગેરે સાથે સંઘર્ષમાં આવવું પડ્યું હતું. અનેક યુદ્ધ અને સંઘર્ષો પછી પણ ભીમદેવ બીજાએ ગુજરાતની સત્તા અકબંધ રીતે સાચવી રાખી હતી. ભીમદેવ તામ્રપત્રોમાં તેની પ્રભકલ્યાણની પ્રવૃત્તિઓની પરિચય મળે છે.

## -: ભીમદેવના સંઘર્ષો :-

**ભીમદેવ અને હોયસલ રાજવી બલ્લાલ વચ્ચે યુદ્ધ :-** બલ્લાલના લેખ પરથી જણાય છે કે તેણે સત્તા પર આવતાં જ વિજયકૂચ આરંભી. તેની વિજયકૂચથી ગુર્જર, માળવા ચોલ વગેરે રાજવીઓ ભયથી થરથર કાંપવા લાગ્યા. બેગગામના એક લેખમાં જણાવ્યું છે કે માળવા, લાટ, ગુર્જર તથા ચોલના રાજવીઓએ ભેગા થઈ બલ્લાલનો સામનો કર્યો. પણ બલ્લાલના સેનાપતિ નરસિંહે એમને હરાવ્યા. પરંતુ સમકાલીન રાજકીય પરિસ્થિતિને જોતાં ગુર્જર રાજ્ય અન્ય રાજ્યો સાથે મળી બલ્લાલ સામે લડી શકે તેમ ન હતું. તેથી ઉપરોક્ત વર્ણનમાં અતિશયોક્તિ લાગે છે. બલ્લાના આક્રમણની વાત સાંભળી ભીમદેવને ચિંતા થઈ હોય તેવી શક્યતા, પણ આ આક્રમણથી ગુર્જર રાજ્યને કાંઈ નુકસાન થયું ન હતું.......

## -: ભીમદેવ અને યાદવો વચ્ચે સંઘર્ષ :-

એક લેખમાં યાદવ રાજવી ભિલ્લમે ગુજરાત, માળવા ચોલ વગેરે રાજવીઓને હરાવ્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સૂંધામાં લેખમાં પણ ભિલ્લમ અને ચૌલુક્ય રાજ વચ્ચેના યુદ્ધના ઉલ્લેખ છે. એ મુજબ ચાહમાન રાજવ કેલ્હણે ભિલ્લમને પાછો કાઢ્યો. તે પરથી જણાય છે કે નડુલના ચાહમાન રાજવી કેલ્હણની મદદથી ભિલ્લમને ગુજરાતની દક્ષિણ સરહદે જ અટકાવ્યો હોય. અને ભિલ્લમને પાછા ફરવું પડ્યું હોય...

Scanned with OKEN Scanner

# પ્રમુખ ફ્રેંકલીન રૂઝવેલ્ટ



જન્મ :- ઈ. સ. 1882
જન્મ સ્થળ :- ન્યૂયોર્ક
અમેરિકાના 32માં પ્રમુખ

Reference :- "જો આપણું કોઈનાથી ડરવાનું હોય તો તે ડર પોતે છે."

— ફ્રેંકલીન રૂઝવેલ્ટ.

1. પ્રારંભિક કારકિર્દી:- ફ્રેંકલીન રૂઝવેલ્ટનો જન્મ 1882માં ન્યૂયોર્કમાં થયો હતો. 1901 થી 1908 દરમ્યાન અમેરિકાનો પ્રમુખ રહી ચૂકેલ થિયોડોર રૂઝવેલ્ટ તેનો પિતરાઇ ભાઇ હતો. ફ્રેંકલીન કોલેજનું શિક્ષણ ગોલ્ટ હાર્વર્ડ અને કોલંબિયા યુનિવર્સિટીમાં લીધું હતું. તેણે અવાર-નવાર વિદેશોની મુલાકાત લીધી હતી. તે અંગ્રેજી જેટલી જ ઝડપથી અને સ્પષ્ટતાથી ફ્રેન્ચ પણ બોલી શકતો હતો. કાયદાનું પ્રાથમિક જ્ઞાન પણ તેણે મેળવ્યું હતું. 1905માં તેણે તે સમયના રાષ્ટ્રપતિ થિયોડોર રૂઝવેલ્ટની માનીતી ભત્રીજી એલીનોર સાથે લગ્ન કર્યા હતા. અને તે બંને રૂઝવેલ્ટ કુટુંબની પ્રણાલિકા પ્રમાણે એક મોટું કુટુંબ ધરાવતા થયા હતા. તે જન્મથી ડેમોક્રેટિક હતો છતાં પોતાના પિતરાઇ અને રિપબ્લીકન પક્ષ તરફથી રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયેલા થિયોડોર રૂઝવેલ્ટ પ્રત્યે ખૂબ આદર ધરાવતો હતો. એટલું જ નહિ પણ મણે આમણે તે તેનું અનુકરણ કરવાની ઇચ્છા ધરાવતો હતો.

NAME :- PARGI NEHAL . R. — ROLL NO :- 399

BHURIYA ANJALIBEN . R — ROLL NO :- 312

Scanned with OKEN Scanner

# સિદ્ધરાજ જયસિંહ



જન્મ :- ઈ.સ. 1094
પિતા :- કર્ણ
માતા :- મીનળદેવી


સોલંકીવંશના સર્વ રાજવીઓમાં સૌથી વધુ પરાક્રમી હિંમતવાન અને મુત્સદ્દી સિદ્ધરાજ એ ગુજરાતના ઇતિહાસમાં સૌથી અગ્રગણ્ય રાજવી છે. ગુજરાતના એક નાનકડા રાજ્યને સામ્રાજ્યમાં પલટાવવાનો યશ તેને ફાળે જાય છે. ગુજરાતની અસ્મિતા તેણે સર્જી. હિન્દના અન્ય રાજ્યોમાં તેણે ગુર્જરોની પ્રતિષ્ઠા વધારી અને ગુર્જરોના કુક્કુટધ્વજને તેણે પશ્ચિમ ભારતના મોટાભાગમાં ફરકતો કર્યો.

## * સિદ્ધરાજની સગીરાવસ્થા

જયસિંહની સગીરાવસ્થા દરમ્યાન મુખ્ય બનાવ માળવાના નરવર્માની અણહિલપુર પરની ચઢાઇનો છે. જયસિંહ જ્યારે માતા મીનળદેવી સાથે સોમનાથની યાત્રાએ ગયો હતો. અને ઘણા સરદારો તથા લશ્કરનો કેટલાક ભાગ પણ સાથે હતો ત્યારે નરવર્માએ ચઢાઇ કરી. પરિણામે શાંતુ મહેતાએ બુદ્ધિ વાપરીને સંધિ સ્વીકારી લીધી, પરંતુ જયસિંહ જ્યારે પાછો ફર્યો ત્યારે તેણે માળવાને હરાવીને પોતાના અપમાનનો બદલો લેવાનો નિશ્ચય કરી લીધો.

Name :- Pargi Nehalben. R. = 399
Anjaliben. R
Bamaniya Hetalben. G = 292
Roll No :- 312

# આર. સી. મજુમદાર



રમેશચંદ્ર સી. મજુમદાર

**રમેશચંદ્ર સી. મજુમદાર**

**જન્મ** : ઈ.સ. ૧૮૮૮ (હાલના બાંગ્લાદેશમાં આવેલા ફરીદપુર જિલ્લામાં ખાંડારપારા ગામમાં થયો હતો.

**મૃત્યુ** : ૧૧ ફેબ્રુઆરી ૧૯૮૦

**રાષ્ટ્રીયતા** : ભારતીય

**શિક્ષણ** : ઈ.સ. ૧૯૦૯માં કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાંથી બી.એ.ની ડિગ્રી મેળવી અને ઈ.સ. ૧૯૧૧માં કલકત્તા યુનિવર્સિટીમાંથી એમ.એ.ની ડિગ્રી પ્રથમ નંબરે પાસ કરી. ઇતિહાસ ઉપરના સંશોધનને કારણે તેમને પ્રેમચંદ રાયચંદ સ્કોલરશીપ મળી હતી. તેમણે "પ્રાચીન ભારતમાં સંઘજીવન" (Corporate life in Ancient India) પર મહાનિબંધ લખ્યો. જેને આધારે તેમને પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત થઈ હતી.

**અધ્યાપનકાર્ય અને લેખન** : ઢાંકાની સરકારી કૉલેજમાં ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે કામગીરી કરી હતી. ઈ.સ. ૧૯૧૪થી આઠ વર્ષ સુધી તેમણે કલકત્તા યુનિવર્સિટીમાં ઇતિહાસ વિષયના અધ્યાપક તરીકે જોડાયા. તેઓ ઇતિહાસ વિભાગના મુખ્ય અધ્યાપક બન્યા અને પાછળથી ઢાકા યુનિવર્સિટીમાં આર્ટ્સ ફેકલ્ટીના ડીન તરીકે ચૂંટાયા હતા. ૧૯૩૭ થી ૧૯૪૨ સુધી તેમણે ઢાકા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે કામગીરી બજાવી. ઈ.સ. ૧૯૫૦માં બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ઇન્ડોલોજી કૉલેજના પ્રિન્સિપાલ પદે નિમાયા. તેઓએ Indian History Congress ના પ્રમુખ તરીકે પણ સેવા બજાવેલી હતી.

**આર.સી. મજુમદારના ગ્રંથો** :

[૧] વૈદિકયુગ : (ઈ.સ. ૧૯૫૧) ઈ.સ. પૂર્વે ૬૦૦ સુધીના ઇતિહાસને આવરી લેવામાં આવ્યો છે.
[૨] The Age of Imperial Unity : (આ ગ્રંથમાં ઈ.સ. પૂર્વે ૭૦૦ થી ૩૨૦ સુધીના ઇતિહાસના મુખ્ય બનાવોનું આલેખન કરવામાં આવ્યું છે.
[૩] The classical Age (શ્રેષ્ઠ વિકાસનો યુગ) :
[૪] The Age of Imperial Kanauj (સામ્રાજ્યવાદી કનોજનો યુગ) :
[૫] The struggle For Empire (સામ્રાજ્ય માટે સંઘર્ષ)
[૬] The Delhi sultanate (દિલ્હી સલ્તનત)
[૭] The Mughal Empire (ઈ.સ. ૧૫૨૬ થી ૧૭૦૭)
[૮] The Maratha supremacy (મરાઠા સર્વોપરિતા) : (ઈ.સ ૧૭૦૭ થી ઈ.સ. ૧૮૧૮)
[૯] પ્રાચીન ભારતનો ઇતિહાસ : (ઈ.સ. ૩૦૦ થી ઈ.સ. ૧૨૦૦)
[૧૦] બ્રિટિશ સાર્વભૌમત્વ : (ઈ.સ. ૧૮૧૮ થી ઈ.સ. ૧૯૦૫)
[૧૧] The struggle For Freedom (સ્વાધીનતા માટે સંગ્રામ) : (ઈ.સ. ૧૯૦૫ થી ઈ.સ. ૧૯૪૭]

**સમાપન** : આર. સી. મજુમદારને હિંદના ઇતિહાસના સંદર્ભમાં તેમને "The Dean OF Indian Historiography" તરીકે ઓળખવામાં આવે છે. તેમણે તેમનું છેલ્લું પુસ્તક ૯૪ વર્ષની ઉંમરે લખ્યું હતું. તેઓ ઈ.સ. ૧૯૮૦માં અવસાન પામ્યા હતા. છેલ્લું એટલું જ કહી શકાય કે તેઓ ભારતના પ્રથમ પંક્તિના આગેવાન ઇતિહાસકાર હતા.


Name : Dindor Nileshvarikumari .G
Roll no : 347 (sem-6)
SUB : History (ઐતિહાસિક પદ્ધતિના મૂળતત્વો -૨)

Name : Dindor Nitakumari .V
Roll no : 348 (sem-6


Scanned with OKEN Scanner